# વિરાંજલિ કાર્યક્રમનો અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અને પંચ પ્રકલ્પ અંતર્ગત શહીદ દિન નિમત્તે એક્ષટેન્શન એક્ટીવીટી સેલ દ્વારા માનનીય કુલપતિશ્રી પ્રો.ડો. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન અનુસાર તા.23/03/2022 ના રોજ " વિરાંજલિ કાર્યક્રમ" નું આયોજન ગૌતમ હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટીની પરંપરાગત રીતે દીપ પ્રાગટ્ય અને યુનિવર્સિટી ગાનથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં માનનીય કુલપતિશ્રી પ્રો.(ડો.) અમી ઉપાધ્યાય, તમામ નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ અને તમામ કર્મચારીશ્રીઓ હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના આશરે ૧૪ જેટલા સભ્યો હાજર રહ્યાં હતા. સૌ પ્રથમ શ્રી વિક્રમસિંહ સૂર્યવંશી (આસિસ્ટન્ટ પ્રોફેસર- રાજયશાસ્ત્ર) દ્વારા સૌનો પ્રેમપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું અને વીરાંજલિ કાર્યક્રમ શાના માટે યોજાય છે તેનો મહિમા વિસ્તારથી સમજાવ્યું હતું. ત્યારબાદ યુનિવર્સિટીના તમામ નિયામકશ્રીઓએ સુંદર કાવ્ય સર્જન, શાયરી, શહીદોની કથા તેમજ શહીદીનો સાચો અર્થ શું તે પોતાના વક્તવ્યમાં ઊંડાણપૂર્વક સમજાવ્યું હતું. ત્યારબાદ યુનિવર્સિટીના તમામ કર્મચારીઓ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ સહભાગી થઈ

સુંદર કવિતા, કાવ્ય પઠન, શૌર્ય ગીત ગાઈ વાતાવરણને વધારે આહલાદક અને ગમગીન બનાવ્યું હતું. અંતે માનનીય કુલપતિશ્રી પ્રો. (ડો.) અમી ઉપાધ્યાયજીએ શહીદ દિન કેમ ઉજવવામાં આવે તેનો મહિમા સમજાવ્યો હતો. ત્યારબાદ ઉર્દુમાં એક સુંદર કાવ્ય પઠન કર્યું હતું અને તે કવિતાનો ઊંડાણપૂર્વક મહિમા સમજાવ્યો હતો. સૌએ આ કાર્યક્રમ ખૂબ જ લાગણીસભર અને આનંદમય માણ્યો હતો. કાર્યક્રમના અંતે ડૉ. પ્રિયાંકી વ્યાસ (એસોસિયેટ પ્રોફેસર- લાયબ્રેરી સાયન્સ) દ્વારા કાર્યક્રમમાં સહભાગી થનાર, પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કાર્ય કરનાર તેમજ કાર્યક્રમને લાગણીમય બનાવનાર તમામની આભારવિધિ કરવામાં આવી હતી. આવા સુંદર કાર્યક્રમ માટે પ્રેરણા આપનાર માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીનો હૃદયપૂર્વક આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.


BAOU
Education for All
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
Azadi Ka Amrit Mahotsav
આઝાદી કા અમૃત મહોત્સવ અને પંચ પ્રકલ્પ
અંતર્ગત
એક્સટેન્શન એક્ટીવીટી સેલ
દ્વારા
“વીરાંજલી કાર્યક્રમ”
તા. 23/03/2022 ના રોજ ૧૧.૦૦ કલાકે
@BAOU GUJARAT













